જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૫/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૮૫૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૮૫૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**આત્મહત્યાઃ-**    **સમાચાર યાદી નં.૮૫૮/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** (૧) હર્ષદ કાન્તીભાઇ મકવાણા (ઉ.વ.૨૧)(રહે. રાજીવનગર વિભાગ-૬ શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૭/૫/૧૬ કલાક ૮/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ પશ્ચીમ છેડે એલીસબ્રીજ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

(૨) ઉમેશભાઈ લક્ષ્મીપ્રસાદ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૪) (રહે.બ્રહ્મભટ્ટ વિલા નરનારાયણ સોસાયટી દક્ષીણી સોસાયટી મણીનગર) એ અગમ્ય કારણસર તા.૭/૫/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટ એનઆઈડી પાછળ નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઈ અરજણભાઈ ચલાવે છે.

**રીવરફ્રંટ ઈસ્ટઃ** ગીતાબહેન રાજાભાઈ ભરવાડ (ઉ.વ.૧૯) (રહે.સિધ્ધેશ્વરી રો હાઉસ ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૬/૫/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યા થી તા.૭/૫/૧૬ કલાક ૧૦/૫૦ વાગ્યા દરમ્યાન સાબરમતી રીવરફ્રંટ નારણઘાટ નંબર-૩ નજીક નદીમાં ડુબી જઈ મૃત્યુ પામ્યા હતા. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન પી રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)